# બુહારીમાં શ્વાનનો પિતા-પુત્ર ઉપર હુમલો

**કૂતરાંના** માલિકે પિતા-પુત્રને અપશબ્દો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી

વાલોડ: વાલોડના પેલાડ બુહારી ગામમાં વહેલી સવારે ચાલવા નીકળેલા યુવાન ઉપર ફળિયાના પાલતુ શ્વાને હુમલો કર્યો હતો. જેને બચાવવા ગયેલા તેના પિતા ઉપર પણ હુમલો કર્યો હતો. આ ઘટનામા પિતા-પુત્રને ગંભીર ઈજા પહોંચી હતી. આ બનાવ અંગે યુવાને શ્વાનના માલિક વિરુદ્ધ વાલોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.



પ્રાપ્ત માહિતી મુજબ વાલોડના પેલાદ બુહારી ગામે મોરા ફળિયામાં રહેતો યુવાન જિગ્નેશભાઈ કિશોરભાઈ પટેલ (ઉ.વ.37) ગુરુવારના રોજ વહેલી સવારે 5:45 વાગ્યાની આસપાસ ચાલવા નીકળ્યા હતા. તેઓ મોરા ફળિયામાં આવેલ બસ સ્ટેન્ડ નજીકથી પસાર થઈ રહ્યા હતા. એ સમયે બે કૂતરાંએ તેમની ઉપર હુમલો કર્યો હતો અને હાથમાં બચકું ભરી લીધું હતું. તેમ છતાં ઈજા પહોંચાડવાનું ચાલુ રાખતાં યુવાને બૂમાબૂમ કરવાનું શરૂ કર્યું હતું. જેથી તેના પિતા કિશોરભાઈ પ્રેમાભાઈ પટેલ ત્યાં દોડી આવ્યા હતા. જો કે, આ બંને કૂતરાંએ તેમના ઉપર પણ હુમલો કરી ઈજા પહોંચાડી હતી. જો કે, પિતા-પુત્રએ પ્રતિકાર કરતાં આ બંને શ્વાન ભાગી ગયા હતા. હુમલો કરનાર આ બંને શ્વાન પેલાદ બુહારી ગામે મોરા ફળિયામાં રહેતા દીપક કેશવ પટેલ તેમજ ધર્મિષ્ઠા પટેલે પાળ્યા હોય, અગાઉ પણ આ કૂતરાંએ ફળિયાના વ્યક્તિઓ ઉપર હુમલો કર્યો હોય, જે અંગે અનેકવાર કૂતરાના માલિક દીપક તેમજ ધર્મિષ્ઠાબેનને કહેવા છતાં કોઈ પ્રકારની કાળજી લેવામાં આવતી ન હતી અને વારંવાર આ કૂતરાંને છૂટા મૂકી દેવામાં આવતાં હોય છે. આ ખૂંખાર કૂતરાં અંગે જિગ્નેશભાઈ, સંદીપભાઈ તેમજ કિશોરભાઈ કહેવા જતાં કૂતરાના માલિક દ્વારા આ લોકો ઉપર લાકડી વડે હુમલો કરવામાં આવ્યો હતો અને કહેતો હતો કે તમે કૂતરાથી તો જીવતા બચી ગયા છો, જો બીજીવાર અમારી પાસે ફરિયાદ લઈને આવશો તો આ બંને કૂતરાં તમારી પાછળ છોડી દઈશ અને જીવથી હાથ ધોવાનો વારો આવશે. તેમ કહી ગમે તેમ ગાળો આપવાનું શરૂ કરતાં બંને પક્ષ વચ્ચે ઝપાઝપી થઈ હતી, જેમાં કિશોરભાઈ તેમજ જિગ્નેશને ઈજા પહોંચતાં સારવાર માટે વાલોડ સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટના અંગે જિગ્નેશ પટેલે કૂતરાંના માલિક દીપક તેમજ ધર્મિષ્ઠા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં વાલોડ પોલીસે કૂતરાંના માલિક પર બેદરકારીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ભરૂચમાં બાઈક ચોરાતાં ફરિયાદ

ભરૂચ: ભરૂચ શહેરના સોન તલાવડી ખાતે રહેતા શૈલેષભાઈ કનુભાઈ વસાવાની હોન્ડા કંપનીની સીબી સાઈન મોટરસાઈકલ અજાણ્યા તસ્કરે ચોરી કરી લીધી હતી.

ટેમ્પો પર ડ્રાઈવિંગ કરતા શૈલેષભાઈ વસાવાએ તેઓ તા.9મી માર્ચના રોજ સવારે આશરે 8 વાગ્યે બાઈક નં.(GJ-16-CF-6513) લઈ ભોલાવ G.I.D.C. સાંઈકૃપા ફરાસખાના પાસે મૂકીને નોકરી પર ગયા હતા અને ત્યાં બાઈક પાર્ક કરી હતી. ફરાસખાનામાં ટેમ્પો લઈને બીજા દિવસે તા.૧૦ માર્ચે બપોરે 1.15 વાગ્યે પરત આવ્યા ત્યારે બાઈક ત્યાં ન હતી. શોધખોળ કરવા છતાં ન મળતાં આખરે સી ડિવિઝનમાં ફરિયાદ આપતાં રૂ.35 હજારની બાઈક ચોરાતાં ગુનો નોંધવામાં આવ્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### વાલોડની ગાંધી વિદ્યાપીઠની ચીકુવાડીમાં ત્રિવિધ કાર્યક્રમો સાથે વાર્ષિકોત્સવ યોજાયો




વાલોડ: વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન અને ગાંધી વિદ્યાપીઠ સંચાલિત સ્નાતક અધ્યાપન મંદિર બી.એડ્. કોલેજ વેડછી અને સમાજસેવા મહાવિદ્યાલય બી.આર.એસ કોલેજ વેડછીના સંયુક્ત ઉપક્રમે વાર્ષિકોત્સવ યોજાયો હતો. આ અંતર્ગત ત્રિવિધ કાર્યક્રમમાં છેલ્લા વર્ષના તાલીમાર્થીઓનો વિદાય સમારંભ, સાંસ્કૃતિક કાર્યક્રમ અને ઇનામ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આદિવાસી નૃત્ય, લેઝી ડાન્સ, શેરી ગરબા, રાસ વગેરે જેવી કૃતિઓ રજૂ થઇ હતી. ગાંધી વિદ્યાપીઠ વેડછીના પ્રમુખ અમરસિંહભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને આ કાર્યક્રમ યોજાયો હતો. સાથે જ ઉપપ્રમુખ ભગુભાઈ દરજીની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. મોરારજી દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ વિરપુરનાં આચાર્ય ડો.જયંતીભાઇ ચૌધરી તેમજ સરકારી બી.એડ્. કોલેજ વાંસદાના આચાર્ય ડો.દિલીપભાઇ ગામીત વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. શ્રેષ્ઠ શિક્ષણ મંત્રી, સ્ટુડન્ટ ઓફ ધ યર, શ્રેષ્ઠ સર્જનાત્મક લેખન, શ્રેષ્ઠ ચિત્રકાર, શ્રેષ્ઠ સહયોગી, શ્રેષ્ઠ કોઠારી, જનરલ સેક્રેટરી જેવા વિશેષ પદો સુપેરે નિભાવનારા પ્રશિક્ષણાર્થીઓને મહાનુભાવોનાં હસ્તે શીલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જ્યારે વિવિધ સ્પર્ધાઓમાં પ્રથમ દ્વિતીય અને તૃતીય આવનાર તાલીમાર્થીઓને પ્રમાણપત્ર આપી પુરસ્કૃત કર્યા હતા.

### વરેલીમાં ૨૦ વર્ષીય યુવકે ફાંસો ખાધો

પલસાણા: પલસાણાના વરેલીની દત્તકૃપા સોસાયટીમાં આવેલી ભાર્ગવભાઈની બિલ્ડીંગના રૂમ નંબર ૧૨૩માં રહેતા ૨૦ વર્ષીય યુવક હરેન્દ્ર કરન પટેલે કોઈ અગમ્ય કારણોસર આત્મહત્યા કરી લીધી છે. મૂળ મધ્યપ્રદેશના પન્ના જિલ્લાના વતનીએ ૧લી એપ્રિલે તેના રૂમમાં પ્લાસ્ટિકની ડોલ ઉંધી મૂકી તેના પર ચઢી પંખા સાથે ગમછો બાંધી ગળેફાંસો ખાઇ લીધો હતો. આ ઘટના અંગે મૃતકના ભાઈ પુષ્પેન્દ્ર પટેલે પોલીસને જાણ કરતા કડોદરા જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોતનો ગુનો નોંધવામાં આવ્યો છે.

### રાજપીપળા પાસે કારની ટક્કરે વૃદ્ધ ઘાયલ

રાજપીપળા: રાજપીપળામાં પૂરઝડપે જતી એક અર્ટિગા કારે રાહદારી વૃદ્ધને અડફેટે લીધો હતો. આ અંગે કારચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી.ગત ૨૯ માર્ચના રોજ બપોરે ત્રણ વાગ્યાના અરસામાં કુંવરપરા ગામના જૂના બસ સ્ટેશન પાસે ઈન્દુભાઈ અરમાભાઈ વસાવા રોડ ક્રોસ કરી રહ્યા હતા. એ વેળા સફેદ રંગની અર્ટિગા કાર નં.(GJ-05-RN-1859)ના ચાલકે ગફલતભરી રીતે ગાડી હંકારી વૃદ્ધને અકસ્માત કરતાં માથામાં ગંભીર ઈજા અને પગમાં ફ્રેક્ચર થતાં તેઓ બેભાન થઈ ગયા હતા. ઈજાગ્રસ્તને તાત્કાલિક ૧૦૮ મારફતે રાજપીપળા સિવિલ અને ત્યારબાદ વધુ સારવાર માટે વડોદરાની SSG હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ મામલે દિનેશભાઈ વસાવાએ રાજપીપળા પોલીસમાં ફરિયાદ કરતાં પોલીસે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### પીપોદરા ગામમાં ઘર પાસે પાર્ક કરેલી બર્ગમેન બાઇકની ચોરી થતાં પોલીસ ફરિયાદ

હથોડા: પીપોદરા ગામે લક્ષ્મી કોમ્પ્લેક્સમાં રહેતા અને મૂળ ખેડાના કપડવંજના સાલોડના વતની ફતેસિંહ સોલંકી રેડિમેડ કપડાંની ફેરી કરી ગુજરાન ચલાવે છે. જેમની કાળા કલરની સુઝુકી બર્ગમેન મોટરસાઇકલ નં.(GJ-05-TV-7543) ગત તા.૨૭ ફેબ્રુઆરીએ રાત્રે બિલ્ડિંગના પાર્કિંગમાં લોક કરીને પાર્ક કરી હતી. બીજા દિવસે સવારે જોતાં બાઈક મળી આવી ન હતી. સીસીટીવી ફૂટેજ તપાસતાં ૨૮ માર્ચે વહેલી સવારે ૨:૧૦ વાગ્યે કોઈ અજાણ્યો શખ્સ બાઈક ચોરી જતો દેખાયો હતો. આશરે રૂ.૬૦,૦૦૦ની કિંમતની બાઈક ન મળતાં ભોગ બનનારે ગઇકાલે ઓનલાઇન E-FIR નોંધાવી હતી. આ મામલે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

### કામરેજના માંકણામાં ખેડૂતના આંગણેથી ચોરાયેલું ટ્રેક્ટર મધ્યપ્રદેશથી મળી આવ્યું

પલસાણા: કામરેજના માંકણા ગામમાંથી થયેલી ટ્રેક્ટર અને ટ્રોલીની ચોરીનો ભેદ ઉકેલવામાં પોલીસને મોટી સફળતા મળી છે. સુરત ગ્રામ્ય એલ.સી.બી. અને કામરેજ પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધરી આરોપીને મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લામાંથી મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો છે. માંકણા ગામના પટેલ ફળિયામાં રહેતા ફરિયાદીના આંગણામાંથી ગત તા.૨૫/3/૨૦૨૬ની રાત્રિ દરમિયાન કોઈ અજાણ્યા તસ્કરો મહિન્દ્રા કંપનીનું ટ્રેક્ટર નં.(GJ-05-RZ-8535) અને ટ્રોલી મળી કુલ 3,૯૫,૦૦૦ની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ અંગે કામરેજ પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. એલ.સી.બી. અને સ્થાનિક પોલીસની અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી તપાસ તેજ કરી હતી. તપાસ દરમિયાન બાતમી મળી હતી કે દિલીપ કિરાડ નામના શખ્સે પોતાના સાગરીતો સાથે મળી આ ચોરી કરી છે અને તે હાલ મધ્યપ્રદેશમાં છે. બાતમીના આધારે પોલીસે મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લામાં દરોડો પાડી આરોપી દિલીપ ગુજા કિરાડ (પટેલ)ને ઝડપી પાડ્યો હતો. પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, આરોપીએ પોતાના સાળા સાથે મળીને વેગનઆર કારમાં રેકી કરી આ ચોરીને અંજામ આપ્યો હતો. પોલીસે ચોરી કરેલું 3,૪૦,૦૦૦નું મહિન્દ્રા ટ્રેક્ટર, ૫૫,૦૦૦ની ટ્રોલી અને ચોરીમાં વપરાયેલી ૫૦,૦૦૦ની વેગનઆર કાર મળી કુલ ૪,૪૫,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે, જ્યારે આ ગુનામાં સંડોવાયેલ અન્ય એક આરોપી ઇલુ છગન ઓહરિયાને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

# બાજીપુરા ગ્રામ પંચાયતનાં મહિલા સરપંચ રીના ચૌધરી સસ્પેન્ડ

**સસ્પેન્ડ** કરવાનું યોગ્ય કારણ દર્શાવવામાં અધિકારીઓના ગલ્લાતલ્લા

વાલોડ: વાલોડની બાજીપુરા ગ્રામ પંચાયત અવાર નવાર વિવાદોમાં સપડાઇ રહી છે. જેનું મુખ્ય કારણ પંચાયતના સત્તાધીશોનો અણઘડ વહીવટ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. હાલમાં જ બાજીપુરા (કમાલછોડ) ગ્રામ પંચાયતમાં સત્તાના દુરુપયોગ અને વહીવટી ગેરરીતિઓનો ભાંડો ફૂટવાનો કિસ્સો બહાર આવતાં સરપંચ રીના ચૌધરીને તાત્કાલિક અસરથી હોદ્દા પરથી સસ્પેન્ડ કરવામાં આવતાં અન્ય ગામના સરપંચોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ગ્રામ પંચાયના તલાટી કમ મંત્રીએ જણાવ્યું હતું કે, રીનાબેન ચૌધરીએ સરકારી નિયમોને નેવે મૂકીને ગેરવહીવટ કર્યો, જે સાબિત થતાં આ કડક કાર્યવાહી કરવામાં આવી છે. કહે છે કે, આ ઘટના પાછળનું સૌથી વરવું પાસું એ છે કે સરપંચ તો માત્ર એક હાથો હતાં. પડદા પાછળ રહીને પંચાયતનો વહીવટ ચલાવતા માસ્ટર માઈન્ડ ખેલાડીઓએ પોતાનો બચાવ કરી લીધો છે. અંતે આ મહિલા સરપંચે પદ ગુમાવવાનો વારો આવ્યો હોવાની ચર્ચાએ પંથકમાં જોર પકડ્યું છે. વિકાસની વાત કરનારા પડદા પાછળના ખેલાડીઓએ સરપંચને કઠપૂતળી બનાવી હોવાની લોક ચર્ચા છે. હવે જોવું એ રહ્યું કે આ મામલે મહિલા સરપંચ રીના ચૌધરી આ પડદા પાછળ છુપાયેલા અને વિકાસની મોટી મોટી વાતો કરનારાઓના નામ બહાર લાવશે કે કેમ?

આ મામલે નાયબ ડીડીઓએ જણાવ્યું હતું કે, હું તાલુકા પંચાયત વાલોડમાં જાણ કરી પત્ર અને વિગત આપવા કહી દઉં છું, પરંતુ સરપંચને સસ્પેન્ડ કર્યા અંગે સમર્થન આપ્યું ન હતું. કયાં કારણસર સમર્થન ન આપ્યું તે જાણી શકાયું નથી. આ જ રીતે નવા તાલુકા વિકાસ અધિકારી અમરત રાઠવાનો રૂબરૂ સંપર્ક કરતાં તેમણે જણાવ્યું હતું કે, અમારે જિલ્લામાં સાહેબને પૂછવું પડે એમ કહી માહિતી આપવામાં અખાડા કર્યા હતા, બંને અધિકારીઓની ખેંચતાણમાં કોઈ સત્તાવાર સમર્થન મળ્યું નથી, કયા કારણસર માહિતી આપી નથી તે જાણી શકાયું નથી.

# સીમોદરા ગામમાં સોલાર પ્લાન્ટમાંથી રૂ.૨.૬૯ લાખના કોપર વાયરની ચોરી

**૧૮** પોલ પરથી અંદાજે ૫૫૦૦ મીટર કોપર વાયર ગાયબ હતો

સુરત: માંગરોળના સીમોદરા ગામની સીમમાં કાર્યરત એક સોલાર પ્લાન્ટને નિશાન બનાવી અજાણ્યા તસ્કરો અંદાજે રૂ.૨,૬૯,૫૦૦ની કિંમતના કોપર વાયરની ચોરી કરી નાસી છૂટ્યા હતા. આ અંગે અમરોલીના વિવેકભાઈ પરમારે અજાણ્યા ૩થી ૪ ઈસમ વિરુદ્ધ માંગરોળ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

અમરોલીના રહીશ અને સેવેન સોલાર એનર્જીના માલિક વિવેકભાઈ પરમાર માંગરોલના સીમોદરા ગામના સરવે નં.૬૭૭માં 'વેરણી ગેસ ટેગ પ્રા.લિ.' માટે સોલાર પ્લાન્ટ નાંખવાનું કામ કરી રહ્યા છે. ગત તા.૨૬/૩/૨૦૨૬ના રોજ સવારે સુપરવાઈઝર રાહુલસિંગ યાદવ જ્યારે પ્લાન્ટ પર પહોંચ્યા, ત્યારે તેમને D.C. કેબલના વાયર્સ કપાયેલી હાલતમાં જણાયા હતા. તપાસ કરતાં માલૂમ પડ્યું કે કુલ ૧૮ પોલ પરથી અંદાજે ૫૫૦૦ મીટર કોપર વાયર ગાયબ હતો. આ વાયરનું કુલ વજન આશરે ૩૮૫ કિલોગ્રામ થાય છે, જેની બજાર કિંમત કિલો દીઠ રૂ.૭૦૦ લેખે કુલ ૨,૬૯,૫૦૦ લાખ આંકવામાં આવી છે. પ્લાન્ટ પર તૈનાત સિક્યુરિટી ગાર્ડ મયૂરભાઈ વસાવાની પૂછપરછ કરતાં જાણવા મળ્યું હતું કે, રાત્રિના આશરે સાડા બાર વાગ્યાના અરસામાં ૩થી ૪ ઈસમ ઈકો વાન લઈને ચોરી કરવા આવ્યા હતા. ગાર્ડે ટોર્ચ ચાલુ કરતાં તસ્કરો ત્યાંથી નાસી છૂટ્યા હતા, પરંતુ તે પહેલા તેઓ મોટા જથ્થામાં વાયરની ચોરી કરી ચૂક્યા હતા. હાલ માંગરોળ પોલીસે આ મામલે ગુનો નોંધી અજાણ્યા શખ્સોને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## પંડવાઈ સુગરે શેરડીના પ્રતિ ટન રૂ.3421 ભાવ જાહેર કર્યા

ભરૂચ: ભરૂચ જિલ્લાની પંડવાઈ સુગર મિલ દ્વારા આ વર્ષે શેરડીના ભાવ જાહેર કરવામાં આવ્યા છે. મિલ સંચાલન દ્વારા પ્રતિ ટન શેરડીનો પ્રારંભિક ભાવ રૂ.3421 નિર્ધારિત કરવામાં આવ્યો છે. જો કે, આ વખતે ભાવ જાહેર કરવામાં સહકારી સૂત્રો અનુસાર નિર્ધારિત સમય કરતાં બે દિવસનો વિલંબ થયો છે. એવું કહેવાય છે કે, દેશના પ્રધાનમંત્રી ગુજરાતની મુલાકાતે આવ્યા હોવાના કારણે ભાવ જાહેર કરવામાં મોડું થયું હતું. મિલના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠક મિલના ચેરમેન તથા રાજ્યના પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલની અધ્યક્ષતામાં યોજાઈ હતી. બેઠકમાં વ્યાપક ચર્ચા બાદ શેરડીના ભાવ માસવાર નક્કી કરવામાં આવ્યા છે. જે મુજબ ઓક્ટોબરથી જાન્યુઆરી સુધી રૂ.3421 પ્રતિ ટન, ફેબ્રુઆરી માટે રૂ.3441 અને માર્ચ મહિના માટે રૂ.3461 પ્રતિ ટન ભાવ નક્કી થયા છે. જો કે, ખેડૂતો પાસેથી રૂ.31 પ્રતિ ટનના દરે કપાત પણ કરવામાં આવશે.



# માંગરોળના ટીમ્બરવામાં તળાવ ઊંડું ખોદાતાં પાણીની મોંકાણ

**ગ્રામજનોએ** મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું

વાંકલ: માંગરોળના ટીમ્બરવા ગામમાં તળાવને અતિશય ઊંડું ખોદવાના કારણે પાણીની સમસ્યા ઊભી થતાં ગ્રામજનોએ મામલતદાર કચેરીમાં આવેદનપત્ર આપી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

આવેદન મુજબ ગામમાં પશુઓ અને લોકોના ઉપયોગ માટે તળાવ બનાવવામાં આવ્યું હતું, પરંતુ તાજેતરમાં તળાવમાંથી માટી કાઢી વેપાર કરવામાં આવતાં તળાવ આશરે 30થી 35 ફૂટ જેટલું ઊંડું થઈ ગયું છે. જેના કારણે ગામલોકો તેમજ ગાય-ભેંસ માટે પાણી પીવાની સમસ્યા ઊભી થઈ છે અને અકસ્માતનો ભય પણ ઊભો થયો છે. ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે તળાવ ઊંડું થતાં તેમાં પડવાનો ખતરો વધ્યો છે અને અગાઉ એકાદ દુર્ઘટના પણ બની ચૂકી છે. ઉપરાંત તળાવની આજુબાજુ ખોદકામ થતાં નજીકનાં મકાનોને પણ નુકસાન થવાની શક્યતા ઊભી થઈ છે.

આવેદનમાં વધુમાં જણાવાયું છે કે, કેટલાક લોકો દ્વારા તળાવની માટી કાઢીને વેચાણ કરવામાં આવી રહ્યું છે, જેના કારણે ગામના તળાવની મૂળ રચના બગડી રહી છે. આ પ્રવૃત્તિ બંધ કરાવી તળાવને પહેલા જેવી સ્થિતિમાં લાવવા માટે ગ્રામજનોએ તંત્રને વિનંતી કરી છે.



# બારડોલીમાં હનુમાન જન્મોત્સવ પર્વે ભક્તિ અને આસ્થાનું ઘોડાપૂર

**ભક્તોએ** હનુમાન ચાલીસા, સુંદરકાંડના પાઠ અને હવનમાં ભાગ લઈ ધન્યતા અનુભવી

**ખાબદામાં** શ્રી કષ્ટભંજન હનુમાનજી દાદાના મંદિરે વિવિધ કાર્યક્રમ યોજાયા

બારડોલી, વ્યારા, માંડવી: ચૈત્રી સુદ પૂનમના પવિત્ર અવસરે ગુરુવારે હનુમાન જન્મોત્સવની શ્રદ્ધાભેર ઉજવણી કરાઈ હતી. વહેલી સવારથી જ શહેરનાં નાનાં-મોટાં તમામ હનુમાન મંદિરો જય શ્રી રામ અને જય હનુમાનના નાદથી ગૂંજી ઊઠ્યાં હતાં. ભક્તોએ હનુમાન ચાલીસા, સુંદરકાંડના પાઠ અને હવનમાં ભાગ લઈ ધન્યતા અનુભવી હતી.

બારડોલીમાં મીંઢોળા નદીના તટે આવેલા પૌરાણિક રોકડિયા હનુમાન મંદિર ખાતે સવારથી જ હવન અને હનુમાન ચાલીસાના પઠન સાથે ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. સ્ટેશન રોડ સ્થિત કષ્ટભંજન હનુમાન મંદિરે દર્શન માટે શ્રદ્ધાળુઓની લાંબી કતારો લાગી હતી, જ્યાં મહાપ્રસાદીનું પણ સુંદર આયોજન કરાયું હતું. ઉપરાંત ખરવાસા રોડ પરના પંચમુખી હનુમાન અને સરભોણના પૌરાણિક હઠીલા હનુમાન મંદિર ખાતે પણ આસ્થાનો મહાસાગર ઊમટ્યો હતો. ગામતળના હનુમાન ગલી વિસ્તારમાં આવેલી અતિ પૌરાણિક ભદ્ર હનુમાન દેરી ખાતે રહીશો દ્વારા વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. અહીં ૧૧૧ હનુમાન ચાલીસાના પાઠ, દશાંશ આહુતિ સાથેનો હવન અને વિશાળ ભંડારા (મહાપ્રસાદ)નું આયોજન કરાયું હતું.

બારડોલી તાલુકાના કડો દ સહિતના ગ્રામ્ય વિ સ્તારોમાં પણ સંકટમોચન હનુમાનજીના જન્મોત્સવ નિમિત્તે ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. ભજન-કિર્તન અને ભક્તિમય વાતાવરણ વચ્ચે સમગ્ર બારડોલી પંથક હનુમાનમય બન્યું હતું.

ઉચ્છલના ખાબદા ગામે આવેલ હનુમાનજી મંદિર પર હનુમાન જન્મોત્સવ ઉજવાયો હતો. શ્રી કષ્ટભંજન હનુમાનજી દાદાનું મંદિર ભક્તિ અને આસ્થાનું કેન્દ્ર બની ગયું છે. આ મંદિરનું નિર્માણ તા.16-02-2013ના રોજ કરવામાં આવ્યું હતું. ત્યારથી આજદિન સુધી અહીં ધાર્મિક કાર્યક્રમો અને પૂજા-અર્ચનાની પરંપરા નિયમિત રીતે જાળવવામાં આવી રહી છે.

### ઓલપાડ તાલુકામાં રામભક્ત હનુમાનજીનો જન્મોત્સવ ધૂમધામથી ઉજવાયો

સાયણ: ઓલપાડનાં અનેક ગામોમાં ગુરુવાર, તા.૨ના રોજ પવનપુત્ર હનુમાનદાદાનો જન્મોત્સવ ધૂમધામથી ઉજવાયો હતો. સાંધીએર-કંટારા રોડ ઉપર બોરી તલાવડી વિસ્તારના 'સંકટમોચન શ્રી હનુમાન દાદા'ના અતિ જર્જરિત મંદિરનું ખાતમુહૂર્ત, જીર્ણોદ્ધાર તેમજ શુદ્ધીકરણ વિધિ સાંધીએર ગામના સરપંચ મેહુલ કે. આહીરના પરિવારજનોએ ભૂદેવના સાંનિધ્યમાં 'દાદા'ની પૂજા-અર્ચના કરી હતી. આ જર્જરિત મંદિરના નવનિર્માણ માટે મેહુલ આહીરના વરદ હસ્તે ભૂમિપૂજન કરી ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જ્યારે સાંધીએર ગામની ઐતિહાસિક વણઝારી વાવને અડીને આવેલા અડીખમ હનુમાનજી મંદિરે ગામના હનુમાન ભક્ત યોગેશભાઈ દેસાઈના પરિવારે દર વર્ષની જેમ આ વર્ષે પણ 'દાદા'નો જન્મોત્સવ ધૂમધામથી ઉજવ્યો હતો. જ્યારે ઓલપાડ-ભટગામ રોડ ઉપર આવેલા ભૂતિયા હનુમાન મંદિરે બજરંગદળ, વિશ્વ હિન્દુ પરિષદ અને આર.એસ.એસ.ના કાર્યકરોએ 'હનુમાન દાદા'નો જન્મોત્સવ ઉજવ્યો હતો. ઓલપાડ તા.પં.ના પૂર્વ પ્રમુખ કાંતિભાઈ પટેલના સાંનિધ્યમાં કાંઠા વિસ્તારના પિંજરત ગામના હનુમાનજી મંદિરે વહેલી સવારથી દાદાનો જન્મોત્સવ ઉજવાતા દરિયાઈ કાંઠાના ભક્તોનું ઘોડાપૂર ઊમટી પડ્યું હતું.



હિતેશ પટેલ

## માંડવીમાં હનુમાન જન્મોત્સવ પ્રસંગે હવન અને પૂજા

માંડવી: માંડવી નગરમાં ગુરુવારે હનુમાન દાદાનો જન્મોત્સવ ભક્તિભાવપૂર્ણ માહોલમાં ઉજવાયો હતો. નગરનાં વિવિધ હનુમાન મંદિરોમાં હવન-પૂજા, અર્ચના તથા આરતીના કાર્યક્રમો યોજાયા હતા. તાપી મેઇન રોડ સ્થિત કષ્ટભંજન હનુમાન મંદિર, મારુતિનગર, અંબાજી રોડ માછીવાડ તથા રોકડિયા હનુમાન મંદિર સહિતના મંદિરોમાં વિશેષ ધાર્મિક વિધિઓ યોજાઈ હતી. આ પ્રસંગે મંદિરોમાં ભંડારાનું આયોજન કરવામાં આવ્યું હતું.

### કડોદરાના અકળામુખી હનુમાન મંદિરે શ્રદ્ધાળુઓનું મહેરામણ ઊમટ્યું



ઈલ્યાસ શેખ

પલસાણા: પલસાણા તાલુકા સહિત સમગ્ર પંથકમાં ચૈત્ર સુદ પૂનમના અવસરે હનુમાન જયંતીની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારથી જ તાલુકાના તમામ હનુમાન મંદિરો 'જય શ્રી રામ' અને 'જય હનુમાન'ના નાદથી ગૂંજી ઊઠ્યાં હતાં. ભક્તોએ દાદાના દર્શન કરવા માટે મંદિરોમાં લાંબી કતારો લગાવી હતી. આ ઉજવણીમાં કડોદરા સ્થિત સુપ્રસિદ્ધ અકળામુખી હનુમાન મંદિર વિશેષ આકર્ષણનું કેન્દ્ર રહ્યું હતું. અહીં આયોજિત વિશેષ પૂજા-અર્ચનામાં સંસ્થાના પ્રમુખ અને ભાજપ સંગઠનના મહામંત્રી અંકુર દેસાઈએ સપરિવાર પૂજામાં બેસીને દાદાનાં આશીર્વાદ લીધાં હતાં. સાંજના સમયે મંદિરમાં ભવ્ય મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું. આસપાસનાં વિવિધ ગામોના વિસ્તારોમાંથી ૧૦ હજારથી પણ વધુ ભક્તોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

### ભરૂચ-અંકલેશ્વર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં હનુમાન જન્મોત્સવ મનાવાયો



ભરૂચ, અંકલેશ્વર, ઝઘડિયા: ભરૂચ જિલ્લામાં ગુરુવારે હનુમાન જન્મોત્સવ ઠેર ઠેર શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે ઉજવાયો હતો. ભરૂચ, અંકલેશ્વર, ઝઘડિયા, વાલિયા સહિતના વિસ્તારોમાં ભક્તોનો સાગર ઊમટી પડ્યો હતો. વિવિધ હનુમાન મંદિરોમાં પ્રાત:કાળથી જ પૂજા-અર્ચના, મહાયજ્ઞ, ભજન-કિર્તન અને મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુમાનદેવ ખાતે ભક્તોએ દર્શન માટે ગળાડૂબની સ્થિતિ સર્જી હતી. વાલિયા ખાતે આવેલા પણસોલી હનુમાન મંદિરે ફૂલોના હાર અને શણગારથી સજ્જ હનુમાનજીના દર્શન કરી ભક્તોએ તૃપ્તિ મેળવી હતી. અંકલેશ્વર તાલુકાના નૌગામા નજીક આવેલ શ્રી નાગતીર્થ રોકડિયા હનુમાનજી મંદિરે હનુમાન જયંતિ સાથે રામજી મંદિરના બીજા પાટોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ હતી. પુનગામ નજીક આવેલા લાખા હનુમાનજી મંદિર, અંકલેશ્વર શહેરના ચૌટા બજારના પૌરાણિક હનુમાનજી મંદિર, હાંસોટ રોડ પર સ્થિત પ્રસિદ્ધ ભીડભંજન હનુમાનજી મંદિરે પણ વિશેષ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.

# આમોદ-મુલેર રોડ 2 એપ્રિલથી 90 દિવસ બંધ

ભરૂચ: આમોદ-દહેજ-મુલેર રોડ ઉપર ચાંચવેલથી મુલેર સુધીનો માર્ગ તા.2જી એપ્રિલ, 2026થી 90 દિવસ માટે બંધ રાખવામાં આવ્યો છે. ભરૂચ જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેર જનતાની સુરક્ષા અને ટ્રાફિક નિયમન માટે આ નિર્ણય લેવાયો છે. બાદલપુર ખાડી પર નવા બ્રીજનું કામ ચાલુ હોવાથી, ઈ.ચા.અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પાર્થ જયસ્વાલે ગુજરાત પોલીસ અધિનિયમ હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરી આ માર્ગ બંધ રાખવાનો હુકમ કર્યો છે. તેની જગ્યાએ વૈકલ્પિક માર્ગ માટે ડાયવર્ઝન રૂટ નક્કી કરવામાં આવ્યા છે. જેમાં આમોદથી મુલેર તરફ જતાં ભારે વાહનો ચાંચવેલ, બદલપુરા, ઓચ્છણ, મુલેર અને મુલેરથી આમોદ તરફ જતાં ભારે વાહનો ઓચ્છણ, બદલપુરા, ચાંચવેલ, આમોદ રોડની વૈકલ્પિક વ્યવસ્થા કરી છે. જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-131 હેઠળ શિક્ષાને પાત્ર રહેશે.